| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૦૬/૧૨/૨૦૨૩ બુધવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૯૬૯/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૮ કેસ કરી, ૩૯ વ્યક્તિઓને ઝડપી, ૨૩૦ લીટર દેશી દારૂ, ૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૩૮ બિયર ટીન અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૯ કેસ કરી ૨૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૯,૮૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૯૭૦/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૩૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૧૯૭૧/૨૦૨૩

**નિકોલઃ** દિલીપભાઈ ઘનશ્યામભાઈ પટેલ (રહે. મીરા પાર્ક સોસાયટી નારાયણનગર ખોડિયારનગર નિકોલ) એ તા.૦૫/૧૨/૨૦૨૩ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૧૨/૨૦૨૩ રાતના ૮/૩૦ થી ૯/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નિકોલ મંગલપાંડે હોલ ખાતે લગ્નપ્રસંગમાં ચોરી પાસે ગોઠવેલ એલ.ઈ.ડી.નજીકથી સોની કંપનીનો કેમેરો કિમત રૂપિયા ૪૫,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.વી.પીપરોત્તર ચલાવે છે.

**<u>ભેખડ ધસી પડતા દટાઈ જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૭૨/૨૦૨૩</u>**

**સરખેજઃ** સરખેજ મહમદપુરા રોડ સાંકેત-૦૨ પાસે આવેલ કાચા છાપરામાં રહેતા (૧) મનોજકુમાર સ/ઓ ચંદ્રીકાપ્રસાદ (ઉ.વ.૪૦) (મુળ વતન. ગામ જગદીશપુર તા.કૈતઊલી જીલ્લો વારાણસી ઉત્તરપ્રદેશ) અને (૨) ઉર્મીલાબહેન ઉર્ફે ઉર્મી ડો/ઓ રમેશભાઈ ઉર્ફે સકીયાભાઈ પરમાર (ઉ.વ.૧૯) (મુળ વતન. ગામ મુળકા (બાવકા) તા.જી.દાહોદ) તા.૦૫/૧૨/૨૦૨૩ કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે સરખેજ સાણંદ રોડ હુન્ડાઈ વર્ક શોપ નજીક નવા બનતા બાંધકામ ખાતે ખોદકામ કરતા હતા ત્યારે માટીની ભેખડ ધસી પડતા દટાઈ જતા સારવાર માટે તેમને સરખેજ સહયોગ હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.કે.જાડેજા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી